તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગે

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫/૦૨/૨૦૧૮

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

૨. શિક્ષણ વિભાગના તા.૦૨-૦૧-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

આમુખ:-

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યા સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી(Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની યોજના વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી અમલમાં હતી. આ યોજનાની મુદત પૂર્ણ થતાં વિભાગના તા.૦૨-૦૧-૨૦૧૮ના વંચાણે લીધા ક્રમાંક(૨)ના ઠરાવથી ૧ માસ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી. આ મુદત પૂર્ણ થતાં રાજ્યમાં હાલમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ધ્યાને લેતાં આ જગ્યાઓ નિયમિત રીતે ન ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે હેતુથી આ યોજનાની મુદત લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકો સામે ખાલી જગ્યાઓ નિયમિત ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદ વેતન(Honorarium Per Period)થી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત માર્ચ-૨૦૧૯ સુધી લંબાવવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| બિન આદિજાતિ વિસ્તાર | ખાસ અંગભૂત યોજના | આદિજાતિ વિસ્તાર |
|---|---|---|
| માંગણી ક્રમાંક: ૦૦૯<br>EDN-18<br>મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૧૧૦-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય, ૦૧-બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ<br>(૨૨૦૨-૦૨-૧૧૦ ૦૧) | માંગણી ક્રમાંક: ૦૯૫<br>EDN-18<br>મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૧૧૦-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય, ૦૧-બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ<br>(૨૨૦૨-૦૨-૧૧૦-૦૧) | માંગણી ક્રમાંક: ૦૯૬<br>EDN-18<br>મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૦૨-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય અને માધ્યમિક શિક્ષણનો વિનિયમિત વિકાસ<br>(૨૨૦૨-૦૨-૭૯૬-૦૨) |

આ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૩/૦૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.પુરોહિત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વ શાખાઓ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

૩૦૦૨-૧૨

ક્રમાંક/પગર-૧/ઠ/ભાઇપ/૨૦૧૬
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા. ૨૯/2/૨૦૧૬

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ....

શિક્ષણ વિભાગના તા. ૧૫/૨/૧૫ ના ઠરાવ ક્રમાંક પગર/૧૦૧૪/૧૨૦/ગ થી સુધારેલ શિક્ષકની યોજનાની મુદત માર્ચ 2016 સુધી લંબાવવામાં આવેલ છે. તેની નકલ તથા બીડાણ મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ. રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં
- સંયુક્ત નિયામક (હિસાબ) સદર કચેરી
- સંયુક્ત નિયામક (પગાર) સદર કચેરી
- સંયુક્ત શિક્ષણ નિયામક (મહેકમ) સદર કચેરી
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી તમામ..